# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 06-02-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર રુપલ જાની વાંચે છે.

*****************************************************

**1)** **દિલ્હી વિધાનસભા ચુંટણીમાં સરેરાશ 60.42 ટકા મતદાન નોંધાયું.**

**2)** **મહાકુંભના આદિવાસી સાંસ્કૃતિક સંમેલનમાં 15 હજારથી વધુ આદિવાસી સમુદાયના લોકો ભાગ લેશે.**

**3)** **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અગરતલામાં નિમણૂક પત્રો મેળવનારા લાભાર્થીઓ ને ભારતના વિકાસનો ભાગ ગણાવ્યા.**

**4)** **ગ્રીસના વિદેશ મંત્રી ભારતની ચાર દિવસની મુલાકાતે**

**5)** **ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે ત્રણ મેચની ODI ક્રિકેટ શ્રેણીની પહેલી મેચ આજે નાગપુરમાં રમાશે.**

..................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# MORN.-VOTER-TURNOUT

દિલ્હી વિધાનસભાની 70 બેઠક માટે સરેરાશ 60.42 ટકા મતદાન થયું.. ઉત્તર પૂર્વ દિલ્હીમાં સૌથી વધુ 66.25 ટકા મતદાન નોંધાયું હતું અને દક્ષિણ પૂર્વ દિલ્હીમાં સૌથી ઓછું 56.16 ટકા મતદાન નોંધાયું હતું.

શાહદરા જિલ્લામાં મતદાનની ટકાવારી 63.94 રહી હતી. ઉત્તર દિલ્હીમાં મતદાન 59.55 ટકા અને ઉત્તર-પશ્ચિમ દિલ્હીમાં 60.70 ટકા થયું હતું. ચૂંટણી મેદાનમાં કુલ 699 ઉમેદવાર હતા. આ શનિવારે મતગણતરી હાથ ધરાશે.

# MAHAKUMBH---YUVA-KUMBH

## હવે મહાકુંભનાં સમાચાર.......

## (MAHAKUMBH OPNING MUSIC)

પ્રયાગરાજ મહાકુંભમાં આજે યોજાનારા આદિવાસી સાંસ્કૃતિક સંમેલનમાં  દેશભરમાંથી 15 હજારથી વધુ આદિવાસી સમુદાયના લોકો ભાગ લેશે. અમારા પ્રતિનીધી જણાવે છે કે, 6 દિવસના ઉત્સવ દરમિયાન, બધા સહભાગીઓ આદિવાસી સંસ્કૃતિ અને પરંપરાઓનું જતન કરવાની પ્રતિજ્ઞા લેશે. ઉલ્લેખનીય છે કે  ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતિની ઉજવણી માટે આ વર્ષને  આદિવાસી આદિવાસી ગૌરવ વર્ષ તરીકે જાહેર કરાયું છે.

## (BYTE: DIPENDRA KUMAR)

# TRIPURA-AMIT-SHAH-EMPLOYMENT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે  અગરતલામાં ફાર્માસિસ્ટ, લેબોરેટરી ટેકનિશિયન અને મલ્ટી-ટાસ્કિંગ સ્ટાફના પદો સહિત લાયક ઉમેદવારોને નિમણૂક પત્રોના વિતરણ માટે આયોજિત એક કાર્યક્રમને વર્ચ્યુઅલી સંબોધિત કર્યો હતો.

શ્રી શાહે જણાવ્યું કે, નિમણૂકપત્ર મેળવનારા 2,806 લાભાર્થીઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિકાસ ત્રિપુરા અને વિકાસ ભારત પ્રયાસનો ભાગ બન્યા છે.

## (Byte -અમિત શાહ)

# AMIT-SHAH-GUJARAT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કેન્દ્રીય અંદાજપત્રમાં ગુજરાતમાં રેલવે માટે 17 હજાર 155 કરોડ રૂપિયા ફાળવવા બદલ પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણનો આભાર માન્યો હતો.

સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી શાહે કહ્યું કે, પ્રધાનમંત્રીના નેતૃત્વમાં, ગુજરાત અને સમગ્ર દેશનું રેલવે નેટવર્ક વિકાસ અને વિસ્તરણનો સુવર્ણ યુગ જોઈ રહ્યું છે. તેમણે કહ્યું કે, કેન્દ્રીય અંદાજપત્ર આ પ્રગતિને વધુ વેગ આપશે. શ્રી શાહે જણાવ્યું કે, વર્તમાન સરકાર આવ્યા પછી ગુજરાતના રેલવે અંદાજપત્રમાં

29 ગણો વધારો થયો છે. તેમણે એમ પણ કહ્યું કે, છેલ્લા દાયકામાં, રાજ્યમાં

**રેલ્વે ટ્રેકનું વીજળીકરણ 22 ગણું વધ્યું છે અને 97 ટકા રેલ્વે ટ્રેક વીજળીકૃત થયા છે.**

**ગૃહમંત્રીએ એ પણ માહિતી આપી હતી કે, ગુજરાતમાં 87 મથકને લગભગ 6 હજાર 303 કરોડ રૂપિયાના રોકાણ સાથે અમૃત સ્ટેશન તરીકે વિકસાવવામાં આવશે. શ્રી શાહે ભારપૂર્વક જણાવ્યું કે, આ પ્રગતિ રાજ્યમાં વેપાર, ઉદ્યોગ, પરિવહન અને રોજગારને મોટો વેગ આપશે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફૉલૉ કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

. . . . . . . . . . . . . . .

# GREECE-FM-VISIT

**ગ્રીસના વિદેશમંત્રી જ્યોર્જ ગેરાપેટ્રિસ ગઇકાલે ભારતની ચાર દિવસની મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા. આ દરમિયાન તેઓ વિદેશમંત્રી એસ. જયશંકર સાથે મુલાકાત કરશે. તેમની મુલાકાત ભારત અને ગ્રીસ વચ્ચેના સંબંધોને મજબૂત બનાવશે અને નીતિગત ભાગીદારીને પ્રોત્સાહન આપશે.**

# JAISHANKAR-SCO

વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકર ગઇકાલે સાંજે દિલ્હીમાં શાંઘાઈ સહયોગ સંગઠન (SCO) ના સેક્રેટરી જનરલ નુરલાન યર્મેકબાયેવને મળ્યા અને તેમને નવી જવાબદારી સંભાળવા બદલ અભિનંદન આપ્યા.

સોશિયલ મીડિયા સંદેશમાં, વિદેશમંત્રીએ કહ્યું કે, તેઓએ SCO માં ભારતના કાર્ય અને સુરક્ષિત SCO ના નિર્માણ અંગે ચર્ચા કરી.

# VAISHNAW---OPEN-AI-CEO

માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવ ગઈકાલે નવી દિલ્હીમાં ઓપનએઆઈના સીઈઓ સેમ ઓલ્ટમેનને મળ્યા હતા. શ્રી વૈષ્ણવે કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમને ટેકનોલોજીનું લોકશાહીકરણ કરવા માટે માર્ગદર્શન આપે છે અને શ્રી ઓલ્ટમેને પ્રધાનમંત્રીના વિઝનની પ્રશંસા કરી હતી.

મંત્રીએ કહ્યું કે, તેમણે ઓપન એઆઈના વડા સાથે સમગ્ર એઆઈ સ્ટેક - જીપીયુ, મોડેલ અને એપ્સ બનાવવાની વ્યૂહરચના પર ખૂબ જ સરસ ચર્ચા કરી હતી અને ઉમેર્યું કે, ઓપનએઆઈ ત્રણેય પર સહયોગ કરવા તૈયાર છે.

# CRICKET---IND-VS-ENG

ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે ત્રણ મેચની ODI ક્રિકેટ શ્રેણીની પહેલી મેચ આજે મહારાષ્ટ્રના નાગપુરમાં રમાશે. મેચ બપોરે દોઢ વાગ્યે શરૂ થશે. આ મહિનાના અંતમાં શરૂ થનારી ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા બંને ટીમો વન-ડેમાં પોતાના પ્રદર્શનમાં સુધારો કરવાનો પ્રયાસ કરશે. ભારતે તાજેતરમાં ઇંગ્લેન્ડ સામેની પાંચ મેચની T20 શ્રેણી 4-1થી શાનદાર જીત મેળવી હતી.

રોહિત શર્માની સાથે, વિરાટ કોહલી પણ ભારતીય ટીમમાં પરત ફર્યા છે. આ શ્રેણી માટે વરુણ ચક્રવર્તી પણ ટીમમાં છે. ભારતીય ટીમ રવિવારે કટકમાં ઈંગ્લેન્ડ સામે પોતાની બીજી મેચ રમશે. ત્રીજી અને અંતિમ વનડે 12 ફેબ્રુઆરીએ અમદાવાદમાં રમાશે.

# FRANCE-NO-CONFIDENCE-VOTE

ફ્રાન્સ સરકાર વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ સંસદમાં પસાર થયો નથી. આ પ્રસ્તાવના પક્ષમાં માત્ર 128 સાંસદોએ મતદાન કર્યું, જ્યારે પ્રસ્તાવ પસાર થવા માટે ઓછામાં ઓછા 289 સાંસદોના સમર્થનની જરૂર છે. ફ્રેન્ચ સરકાર માટે હવે 2025નું બજેટ અપનાવવાનો માર્ગ મોકળો થયો છે. અગાઉ, પ્રધાનમંત્રી ફ્રાન્કોઇસ બાયરોએ બજેટ બિલને મંજૂરી આપવા માટે વિશેષ બંધારણીય સત્તાઓનો ઉપયોગ કર્યો હતો, જેના કારણે વિપક્ષે વિરોધ કર્યો હતો.

## હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ

- આજના સમાચારપત્રોમાં વિવિધ સમાચારો મુખ્યશીર્ષકમાં જોવા મળે છે. સંદેશ લખે છે, **US**થી ડિપોર્ટ 104 ભારતીયો અમૃતસર પહોંચ્યા. દિવ્ય ભાસ્કર લખે છે, અમેરિકા ટૂ અમૃતસર; **US**એ 104 ભારતીયને પરત મોકલ્યા. કાયદેસર 'ઘરવાપસી'. ગુજરાત સમાચારે 'દિલ્હીમાં ભાજપની જીતનો એક્ઝિટ પૉલનો વરતારો'ને મુખ્યશીર્ષક બનાવ્યું છે. ફૂલછાબનું મુખ્યશીર્ષક છે, અબ કી બાર 'આપ' દિલ્હીની બહાર...? '... દિલ્હીના ત્રિપાંખિયા જંગમાં ભાજપને સત્તાઃ એક્ઝિટ પૉલ' આ નવગુજરાત સમયનું મુખ્યશીર્ષક છે. રાજસ્થાન પત્રિકાનું મુખ્યશીર્ષક છે, સખ્ત કદમઃ વિત્ત મંત્રાલયને કહા, ડેટા કી ગોપનીયતા કો ખતરા. સરકારી વિભાગોં મેં ચૈટજીપીટી કે સાથે ડીપસીક પર ભી લગાઈ રોક.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે પ્રયાગરાજ મહાકુંભમાં પવિત્ર ડૂબકી લગાવી તે સમાચાર દિવ્ય ભાસ્કર, સંદેશ, નવગુજરાત સમય, ફૂલછાબ અને રાજસ્થાનપત્રિકાએ પહેલા પાના પર તસવીર સાથે પ્રકાશિત કર્યા છે.
- ગુજરાત સમાચારે 'અમદાવાદ એરપોર્ટ પરથી 2024માં પકડાયેલા 136 કિલો સોનાની હરાજી'ના સમાચાર સ્થાનિક પાના પર લીધા છે.
- સંદેશ સ્થાનિક પાના પર લખે છે, ઑલિમ્પિક પહેલાં 2030 કૉમનવેલ્થ ગેમ્સ માટે અમદાવાદ દાવેદારી નોંધાવશે.
- નવગુજરાત સમય છેલ્લા પાના પર લખે છે, હૉસ્પિટલોમાં નિયમોનો કડક અમલ કરાવવા સુધારા વિધેયક લવાશે.